દેશી દારૂની હેરાફેરી કરતા ખેપીયાને સ્વીફટ ડિઝાયર સાથે પકડયો

ગાડીમાંથી ૨૦૦ લીટર દેશી દારૂ મળ્યો : એલસીબીની ટીમે કલોલ નજીક પલસણાથી ગાડી પકડી

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર એલસીબીની ટીમે કલોલ

તાલુકાના પલસાણા ગામના પ્રવેશદ્વાર પાસેથી

આર.આર. સેલે માણસાના અનોડીયા પાસેથી દારૂ ભરેલી કાર પકડી

ગાંધીનગર રેન્જ આઈજીપીની આર.આર.સેલ દ્વારા આજે સવારે માણસા તાલુકાના અનોડીયા ગામના પાટીયા પાસથી વિદેશી દારૂ-બિયરનો જથ્થો ભરેલી એસેન્ટ ગાડી પકડી પાડવામાં આવી છે. જીજે ૦૧ એચ.એસ. ૪૯૮૨ નંબરની એસેન્ટ ગાડી મુકીને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો કેમ કે આગળ પોલિસની નાકાબંધી ચાલી રહી હતી ગાડીમાંથી ૨૨૬ નંગ વિદેશી દારૂ અને બિયરના ટીન અને બોટલ મળી આવી હતી. આર.આર.સેલે ગાડી સાથે રૂ. ૨.૧૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરી આરોપી સુધી પહોંચવા તપાસ તેજ કરી છે.

સ્વીફટ ડીઝાયર ગાડીમાં દેશી દારૂની હેરાફેરી કરતા ખેપીયાને ૨૦૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે દબોચી લીધો હતો. એલસીબીની ટીમે મુદ્દામાલ જપ્ત કરીને આરોપીની ધરપકડ કરી ઊંડી પુછપરછ શરુ કરી છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે કલોલ તાલુકાના પલસાણા ગામેથી સ્વીફટ ડીઝાયર ગાડી નં. જીજે ૦૧ આર.એસ. ૪૦૨૭માં દેશી દારૂની હેરાફેરી થવાની છે. જે આધારે પલસાણાના દરવાજા પાસે વોચ ગોઠવી એલસીબીની ટીમે સ્વીફટ ડીઝાયર લઈને નીકળેલા ગોતાના અનિરૂધ્ધ શનુભા ઝાલાને પકડી પાડયો હતો. ગાડીમાં તપાસ કરતા ૨૦૦ લીટર દેશી દારૂ (૬ કોથળા ભરીને દેશી દારૂની પોટલીઓ)નો જથ્થો મળી આવ્યો હતો. એલસબીની ટીમે રૂ. ૪.૫૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી ઊંડી પુછપરછ શરુ કરી છે.

સે-૧૫ ફતેપુરામાં દેશી દારૂના અડ્ડા પર દરોડો ૧૫ લીટર દેશી દારૂનો જથ્થો પકડયો

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે સેકટર-૧૫ ફતેપુરા ખાતે લક્ષ્મી બાબુ ઠાકોરે દેશી દારૂનો અડ્ડો શરુ કર્યો છે. આ બાતમી આધારે ફતેપુરામાં લક્ષ્મી ઠાકોરને ત્યાં એલસીબીની ટીમે દરોડો પાડયો હતો. એલસીબીને અડ્ડા પરથી ૧૫ લીટર દેશી દારૂનો જથ્થો મળી આવતા મુદ્દામાલ જપ્ત કરીને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

વાવોલમાં ધમધમતા જુગારધામ પર એલસીબીનો દરોડો

૬૧ હજારના મુદ્દામાલ સાથે ત્રણ શકુનીઓની ધરપકડ

વરલી મટકાનો જુગાર રમાડનાર મુખ્ય સૂત્રધાર ફરાર

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગરને અડીને આવેલા

વાવોલ ગામમાં જુગારધામ ધમધમતુ હોવાની માહીતી આધારે ગાંધીનગર એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો. એલસીબીની ટીમે દરોડો પાડી જુગાર રમી રહેલા ત્રણ શકુનીઓને રૂ. ૬૧,૭૩૦ના મુદ્દામાલ સાથે ડબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. તો બીજી તરફ વરલી મટકાનું જુગારધામ ચલાવનાર મુખ્ય સુત્રધાર હજુ ફરાર છે. તેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના કોન્સ્ટેબલ જયપાલસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે વાવોલ ગામમાં સ્થિત રચના કોમ્પલેક્ષના પ્રથમ માળે જુગારધામ ધમધમી રહ્યુ છે. આ બાતમી આધારે કોમ્પલેક્ષમાં પ્રથમ માળે દુકાનમાં દરોડો પાડી વરલી મટકાનો જુગાર રમી રમાડી રહેલા ત્રણ શખ્સોને પકડી પાડ્યા હતા. પેથાપુરના સંજય ભીખાજી વાઘેલા, સેક્ટર-૩-સી પ્લોટ નં. ૫૫૭/૨ ખાતે રહેતા સંદિપ ભાનુપ્રસાદ તપોધન અને વાવોલના દરબાર વાસમાં રહેતા કનુ હીરા પટેલને દબોચી લીધા હતા. તેમની પાસેથી રોકડ રૂ. ૩૧,૨૩૦ તથા વરલી મટકાના આંકડા લખવાની સ્લીપ બુકો, કાર્બન કાગળ, બોલપેન અને ત્રણ મોબાઈલ અને એક બાઈક સાથે કુલ રૂ. ૬૧,૭૩૦નો મુદ્દામાલ જપ્ત કરી લેવામાં આવ્યો છે. આ વરલી મટકાનો જુગાર રમાડનાર મુખ્ય સુત્રધાર કમલેશસિંહ ઉર્ફે કમાજી વરૂસિંહ ગોલ સ્થળ પરથી મળી ન આવતા તેની સામે ગુનો દાખલ કરી ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

સે. ૨૪ ઈન્દીરાનગર પાસે ખુલ્લેઆમ જુગાર રમતા ત્રણ ઝડપાયા

ગાંધીનગર એલસીબીની ટીમે ચોક્કસ બાતમીને આધારે સેક્ટર-૨૪ ઈન્દીરાનગર, ચીપટાઈપ શોપીંગ સેન્ટર પાછળ દરોડો પાડી ખુલ્લેઆમ જુગાર રમી રહેલા ત્રણ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. એલસીબીની ટીમે દરોડો પાડી સે. ૨૪ ઈન્દીરાનગર છાપરામાં મ.નં. ૫૧૯માં રહેતા ભીમા પશા સોલંકી, ઈન્દીરાનગર છાપરા મકાન નં. ૨૭૦માં રહેતા સુરેશ નારણ પરમાર અને ઈન્દીરાનગર છાપરામાં મકાન નં. ૪૦૫માં રહેતા તોફીક અબ્દુલ બેલીમ મળી ત્રણ શખ્સોની રોકડ રૂ. ૧૦,૭૩૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

ઉતરાયણ નજીક આવતા જ ઉંધીયાની તડામાર તૈયારીઓ

આ વર્ષે ઉંધીયાનો ભાવ ૧૭૦ થી ૨૪૦ રહેવાની શકયતા

ગાંધીનગર, તા.૧૧

ઉતરાયણ પર્વને હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે.ત્યારે ઉતરાયણમાં પતંગ ચગાવવાની મોજ સાથે ઉંધીયાની લિજ્જત પણ નગરજનો માણતા હોય છે. શહેરમાં શાકભાજીના ભાવ ગગડતા આ વર્ષે ઉંધીયાનો ભાવ રૂ.૧૭૦ થી ૨૪૦ તેમજ શુધ્ધી ઘીની જલેબીનો ભાવ રૂ.૫૨૦ અને તેલની જલેબીનો ભાવ રૂ.૨૪૦ રહે તેવી શક્યતા સેવાઈ રહી છે. ઉતરાયણમાં ઉંધીયું અને જલેબી એકબીજાનો પર્યાય બની ગયા હોય તેવું લાગી રહ્યું છે.

નગરજનો મોંઘવારીના માર વચ્ચે પણ ચટાકેદાર ઉંધીયાનો સ્વાદ માણવાનું ચુકતા નથી.

ઉતરાયણ આવતા જ શહેરના બજારોમાં પતંગ-દોરી, ચશ્મા-ટોપી, બ્યુગલની સાથે સાથે ખાણીપીણીમાં શેરડી, બોર, વિવિધ પ્રકારની ચીકી, ઉંધીયા-જલેબીના સ્ટોલ લાગી ગયા હોય છે. શહેરના સર્કલો તેમજ દુકાનોમાં થઈને અંદાજીત ૧૦૦ થી પણ વધુ સ્થળોએ ઉંધીયા-જલેબીનું વેચાણ થાય છે. ગુજરાતની પ્રજા દરેક તહેવારને મન ભરીને માણે છે જેથી ઉતરાયણ પર્વને પણ ઉત્સાહપૂર્ણ રીતે ઉજવણી કરે છે. સવારથી જ પતંગ રસિયાઓ ધાબા પર ચડી જાય છે તો છેક સાંજે નીચે ઉતરે છે. ધાબા પર જ પતંગ ચગાવવાની સાથે ખાણીપીણીની પણ મોજ માણે છે. જેમાં શેરડી-બોર, ચીકી-સુખડી, સહિત બપોરે સ્વાદના શોખીન નગરજનો ઉંધીયા જલેબીનો સ્વાદ માણે છે. ઉંધીયામાં વપરાતી મોટાભાગની શાકભાજીનું આગમન થઈ ચુંકયું છે. શાકભાજીના ભાવ પ્રતિ કિલોના રૂ.૨૦ થી ૪૦ રહેતા ઉંધીયાના ભાવ પણ કિ.રૂ.૧૭૦ થી ૨૪૦ આસપાસ રહેવાની શક્યતાઓ છે. જયારે માટલામાં બનાવવામાં આવતું સુરતી ઉંધીયુ ગુજરાતભરમાં લોકપ્રિય છે. જયારે વેપારીઓ અને ગૃહિણીઓ પણ અલગ અલગ રીતે ઉંધીયુ બનાવતી હોય છે. બજારમાં પણ વિવિધ નામે વેચાણ થતા ઉંધીયું અને ઘરે તૈયાર કરેલ ઉંધીયાનો સ્વાદ ઉતરાયણના દિવસે બપોર થતા જ નાગરીકો ધાબા પર તેમજ ઘરમાં બેસીને માણતા હોય છે અને ઉતરાયણ પર્વની ઉજવણી કરતા હોય છે.

સિવિલમાં કિડનીના દર્દીઓના ૩૫૦૦ ડાયાલિસીસ થયા

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર સિવિલમાં કાર્યરત હિમો ડાયાલિસીસ વિભાગમાં વર્ષ-૨૦૧૭ દરમિયાન ૩૫૦૦ દર્દીઓના ડાયાલિસીસ તંત્ર દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં માર્ચ મહિનામાં સૌથી વધુ ૩૪૬ દર્દીઓના તેમજ સૌથી ઓછા ૨૩૬ ડાયાલિસીસ જાન્યુઆરી માસમાં થયા છે. દરેક ડાયાલિસીસ દીઠ રૂ.૨૦૦૦ ખર્ચ થાય છે જે ખર્ચ સરકાર દ્વારા કરવામાં આવે છે. જયારે તંત્ર દ્વારા દર્દીને ટ્રાવેલીંગ ખર્ચ પેટે રોકડા રૂ.૩૦૦ પણ ચુકવવામાં આવે છે. જયારે સિવિલના ડાયાલિસીસ સેન્ટરમાં કરવામાં આવેલા ડાયાલિસીસની ફાઈલ કરીને વિભાગમાં મોકલતા અંદાજીત ૮૦ લાખ રૂપીયાનું ભંડોળ સિવિલને મળવા પામ્યું છે.

ગાંધીનગર સિવિલમાં ત્રીજા માળે હિમો ડાયાલિસીસ વિભાગ કાર્યરત કરવામાં આવ્યો છે. અદ્યતન ટેકનોલોજી અને સુખ-સુવિધાથી સજ્જ ડાયાલિસીસ વિભાગમાં રોજના ૧૨ થી ૧૫ દર્દીઓના ડાયાલિસીસ કરવામાં આવેછે. સવારે ૮ થી સાંજના ૫ વાગ્યા સુધી ડાયાલિસીસ સેન્ટર શરુ રહે છે. આ સેન્ટરને પગલે જિલ્લાના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થયું છે. પહેલા કીડનીના રોગથી પિડાતા દર્દીઓને ડાયાલિસીસ માટે અમદાવાદ સુધી લાંબા થવું પડતું હતું. પરંતુ ગાંધીનગર સિવિલ ખાતે સેન્ટરનો પ્રારંભ થતા દર્દીઓને નજીકમાં જ લાભ મળી રહ્યો છે. દર્દીઓને ડાયાલિસીસ બાદ તાત્કાલીક ૩૦૦ રૂપીયા ટ્રાવેલીંગ ખર્ચ પેટે આપવામાં આવેછે. વર્ષદરમિયાન ૩૫૦૦ ડાયાલિસીસ ગાંધીનગર સેન્ટર ખાતે થયા છે ત્યારે મળતી માહિતી મુજબ કેટલા ડાયાલિસીસી થયા તેની ફાઈલ તૈયાર કરીને વિભાગમાં મોકલાતા અંદાજીત રૂ.૮૦ લાખનું ભંડોળ ગાંધીનગર સિવિલને મળવા પામ્યું છે. આ ભંડોળ દર્દીઓને વધુ આરોગ્યલક્ષી સેવા મળી રહે તે માટે વાપરવામાં આવશે.ત્યારે કયા મહિનામાં કેટલા ડાયાલિસીસ થયા તેના પર નજર કરીએ તો જાન્યુઆરી માસમાં-૨૩૬, ફેબ્રુઆરી માસમાં-૨૬૮, માર્ચમાં ૩૪૬, એપ્રિલમાં-૨૬૮, મેમાસમાં-૨૮૨, જુન માસમાં - ૩૦૬, જુલાઈ માસમાં -૨૭૩, ઓગસ્ટમાં-૩૧૩, સપ્ટેમ્બરમાસમાં-૩૩૩, ઓકટોબરમા-૩૨૪, નવેમ્બરમાં- ૩૦૯, ડિસેમ્બર માસમાં-૨૪૨ ડાયાલિસીસ થવા પામ્યા છે.

રમતગમતને પ્રોત્સાહન આપવા ગેઝીયા દ્વારા ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બંને ટુર્નામેન્ટમાં જીઆઈડીસીની ટીમ વિજેતા બની છે.

આજે શહેરમાં રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૧૧

સમગ્ર ભારતમાં ૧૨મી જાન્યુઆરી એટલે કે સ્વામી વિવેકાનંદની જન્મજયંતિ રાષ્ટ્રીય યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ નિમિત્તે સરકારી જિલ્લા પુસ્તકાલય, સેકટર-૨૧ દ્વારા આવતીકાલે એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં વ્યસન છોડવા, સ્વચ્છતા જાળવવી, ગૌરવશાળી ભારત રાષ્ટ્રના નિર્માણ માટે કાર્ય પોતાના થકી કરવું જેવા સંકલ્પ લેવામાં આવશે. આ પ્રસંગે મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ખાસ ઉપસ્થિત રહેશે. જેમાં તમામ વાચકો, વિદ્યાર્થીઓ તેમજ ગાંધીનગરની જનતાને સવારે ૯.૪૫ વાગ્યે હાજર રહી સક્રિય ભાગ લેવા અનુરોધ કરવામાં આવે છે.

ગુજરાત ડ્રાઈવર એસોસિએશન દિલ્હી ખાતે યોજાનાર શાંતિ માર્ચમાં જોડાશે

ગાંધીનગર, તા. ૧૧

નવી દિલ્હી ખાતે ઓલ ઈન્ડિયા ગવર્નમેન્ટ ડ્રાયવર્સ એસોસીએશન દ્વારા આગામી ૨જી ફેબ્રુઆરીના રોજ દેશભરના સરકારી વાહનચાલકોની ઉપસ્થિતિમાં એક શાંતિ માર્ચનું આયોજન કરાયું છે. જેના દ્વારા દેશભરના વાહનચાલકો તેમની વિવિધ સમસ્યાઓ પ્રત્યે ધ્યાન અપાય તે માટે કેન્દ્ર સરકારને અનુરોધ કરશે.

ફેડરેશન દ્વારા યોજાયેલી આ શાંતિમાર્ચ સંદર્ભે ફેડરેશનના પ્રમુખ મિલનરાજ બંસી અને મંત્રી નરેન્દ્રસિંઘે ગાંધીનગરની મુલાકાત લીધી હતી અને જુદા જુદા ડ્રાઈવર એસોસીએશનની મુલાકાત લઈ વાહનચાલકોની સમસ્યાથી વાકેફ થયા હતા અને સૌને શાંતિ માર્ચમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો હતો. આ મુલાકાત દરમિયાન વાહનચાલકોની વિવિધ સમસ્યાઓની ચર્ચા પણ કરાઈ હતી. જેમાં બઢતી અને ભરતી, ઉચ્ચત્તર પગારધોરણ, આઉટસોર્સીંગ પદ્ધતિ બંધ કરવી, રજા પગાર, ગણવેશ ભથ્થા, ધોલાઈ ભથ્થામાં વધારો ઉપરાંત ડ્રાયવરની કેડરને ટેકનિકલ કેડર તરીકે ગણવા જેવી સમસ્યાઓનો સમાવેશ થાય છે.

રાજ્યભરમાં સરકારી સેવામાં ૨૨ હજારથી વધુ વાહનચાલકો કાર્યરત છે. તા. ૨ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૦ વાગ્યે ઓલ ઈન્ડિયા ગવર્નમેન્ટ ડ્રાયવર્સ ફેડરેશનની કચેરીએથી શાંતિ માર્ચ શરૂ થશે અને વડાપ્રધાન કાર્યાલયે પહોંચશે. આ શાંતિ માર્ચમાં રાજ્યના વિવિધ ડ્રાયવર્સ એસોસીએશનના પ્રતિનિધિઓ પણ ઉપસ્થિત રહેશે. એમ ગુજરાત રાજ્ય ડ્રાઈવર એસોસીએશન અને સચિવાલય સ્ટાફ ડ્રાઈવર એસોસીએશનની સંયુક્ત યાદીમાં જણાવાયુ છે.

ફેડરેશનના પ્રમુખ અને મંત્રીની ગાંધીનગરની મુલાકાત વખતે સચિવાલય સ્ટાફ ડ્રાયવર્સ એસોસીએશનના પ્રમુખ ઘનશ્યામ પટેલે ફેડરેશનના પ્રમુખ મિલનરાજ બંસીનું શાલ ઓઢાડી સન્માન કર્યુહતુ. જ્યારે ફેડરેશનના મંત્રી નરેન્દ્રસિંઘનું શાલ ઓઢાડી સન્માન ગુજરાત રાજ્ય ડ્રાયવર્સ એસોસીએશનના પ્રમુખ ઈકબાલ શેખે કહ્યુ હતુ. આ ઉપરાંત, સચિવાલય સ્ટાફ ડ્રાયવર્સ એસોસીએશનના મંત્રી લાલસિંહ બિહોલા દ્વારા મહેમાનોનું સન્માન કરવામાં આવ્યુંહતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં વાહનચાલકો ઉપસ્થિત રહ્યા હતા.

ટેરોટ કાર્ડના રહસ્યમયી દુનિયાના ભવિષ્ય કથનનો વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૧૧

ટેરોડ કાર્ડ રિડીંગ એ આજના જમાનામાં ભવિષ્યના નિર્ણયો લેવા માટે એક સચ્ચા સાથીનો રોલ ભજવે છે. ટેરોટ કાર્ડ દ્વારા જીવનની રહસ્યમય વાતો જાણી એને સકારાત્મકાથી સુધારી શકાય છે. તમારી જિંદગીના મુંઝવતા પ્રશ્નોનો ઉકેલ લાવવા એ તમારો સાચો મિત્ર સાબિત થાય છે.



અમદાવાદ આય. આય. એમ.ની બાજુમાં આવેલા દેજો વુ માં ટેરોટ કાર્ડ રિડીંગનો એક અનોખો વર્કશોપ રવિવારે યોજાઈ ગયો. ગાંધીનગર સેન્ટ ઝેવિયર્સના શિક્ષીકા પ્રિતી ગડકરીએ એમાં એક નિષ્ણાંત તરીકે સેવા આપી હતી. શ્વેતા ખત્રી અને એની ટીમ દ્વારા આયોજીત પવિત્ર ટેરોડ કાર્ડ રિડીંગના વર્કશોપ ઉદઘાટનમાં ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત અને સમાજ સેવિકા વિણા વોરાએ ખાસ હાજરી આપી હતી. ૭૮ કાર્ડની આ રહસ્યમયી કલામાં અનેક લોકોએ આવીને એમના પ્રશ્નોના સફળ ઉકેલ મેળવ્યા હતા. આ કાર્યક્રમને ફેસબુક લાઈવ કરવામાં આવ્યો હતો. આવનારા સમયમાં પ્રિતી ગડકરી આ વર્કશોપ ગાંધીનગર ખાતે કરવાનું આયોજન કરી રહ્યા છે.

જેની પાસે શ્રેષ્ઠ વિચાર હોય છે તે કયારેય એકલો રહી શકતો નથી

સ્વામી વિવેકાનંદની જન્મ જયંતિ નિમિત્તે નવીન ઉર્જા સાથે નવસર્જનાત્મક વિચારને સમાજમાં પ્રસ્તાપિત કરવા બદલ આજે હૃદયસ્થ છે. શ્રદ્ધાજલી અર્પણ કરું છું. આ સાથે ઉત્તર ગુજરાતમાં શૈક્ષણિકક્ષેત્રમાં નવીન કેડી કંડાળી કડી-ગાંધીનગરના કેળવણીના નવા આયામો આપનાર સર્વ વિદ્યાલય કડી અને સર્વ વિશ્વવિદ્યાલયના ચરેમેનશ્રી સ્વ. માણેકલલા એમ. પટેલની આજે પુણ્યિતથિ નિમિત્તે ભૂલી શકાય તેમ નથી.

ઈ.સ. ૧૯૧૯માં ''કર ભલા હોગા ભલા'' સૂત્રને આત્મસાત કરી છગનભા, નગીનભાઈ, પોપટભાઈ તેમ જ બાપુભાઈ ગામી સહિત પાયો નાખ્યો. સૂત્રને આત્મસાત કરનાર સંસ્થાના દાસકાકા, ધનાકાકા, માણેકલાલ પટેલ સહિતના સંવર્ધન કર્યું. આ છોડમાંથી વટવૃક્ષ બનાવવા અને કેળવણીને નવા વિચારો પ્રદાન કરવામાં મહત્વની ભૂમિકા અદા કરનાર શ્રીમાણેકલાલ એમ. પટેલને શૈક્ષણિક સંકુલમાં તેમના ઉદાહરણો આપવામાં આવેછે. કડી ગામમાં શરૂ થયેલ સર્વ વિદ્યાલયને આજે ગાંધીનગર ખાતે સ્વાયત યુનિવર્સિટી બનાવી છે. ગાંધીગનર સમાચારના તંત્રીકૃષ્ણકાન્ત જહા કહે છે કે, ''સરકારી કર્મચારીઓ નગર તરીકે ઓળખાતા ગાંધીનગરને શિક્ષણનગરીનું બિરુદ્ધ આપવાનું કામ કર્યું હોય તે માણેકલાલ પટેલે કર્યું છે.''

કેળવણીકારો માણેકલાલને સંસ્થાના ચેરમેન તરીકે સઘળું ધ્યાન માત્રઅભ્યાસક્રમ, પરીક્ષા કે પરિણામ ઉપર જ કેન્દ્રીત થયું નથી.પણ એમણે વિદ્યાર્થીઓની એસ્થેટિક સમજ વિકસે એ માટે જુદી જુદી કળાઓ માટે સંસ્થાના પરિસરમાં શિક્ષણવ્યવસ્થા રાખી છે. મેનેજમેન્ટ કવોટાની યોજનાના કારણે મેરિટના ક્રમમાં પ્રવેશને લાયક ઘણા વિદ્યાર્થીઓની પ્રવેશ માટેની તક ઝૂંટવાઈ જાય છે એ વાત તેઓ જાણતા આથી તેઓએ વિદ્યાર્થીઓ ના હિતમાં પ્રવેશ આપનાર કમિટીને સરેન્ડર કરી દીધી હતી. શિક્ષણક્ષેત્રે આ એક અનન્યપગલું છે.

નબળી આર્થિક સ્થિતિધરાવતાં વાલીઓનાં સંતાનોના લાભાર્થે શ્રી માણેકલાલ જે પ્રોફેશનલ અભ્યાસક્રમોમાં જોગવાઈ છે તેમાં ફી-વિવર યોજાનાનો અમલ કર્યો છે. આ યોજના હેઠળ નિયમ પ્રવેશ સંખ્યાના દસ ટકા વિદ્યાર્થીઓને મેરિટ તેમ જ આર્થિક રીતે પછાત ધોરણને લક્ષમાંરાખીને સંપૂર્ણ



શિક્ષણ ફી માફી અપાય છે.

સરકારી નીતિના આધારે મૂડીના આ લાભ ઉપરાંત સંસ્થા તરફથી પણ લાયકાત ધરાવતા ગરીબ વિદ્યાર્થીઓને પણ અર્ધી કે આખી ફી માફીનો લાભ આપવાની ઉદાર નીતિ માણેકલાલ દ્વારા અપનાવી છે. તેઓ દ્વારા માત્ર સંસ્થા તરફથી જ નહીં પણ ગરીબ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરતાં રહ્યાં છે.

આમ, માણેકલાલ એક કેળવણીકાર હતા. સાચા કેળવણીકારને કોઈ વર્તુળના પરિઘની મર્યાદા નડતી નથી. એની દૃષ્ટિ એ પરિઘને ઓળંગી જઈને દૂર ક્ષિતિજો સુધી પહોંચે છે એટલે જે પ્રવૃત્તિમાં દૂરગામી પણ કેળવણીનો હેતુ હોય એ સઘળી પ્રવૃત્તિઓ સાચાકેળવણીકારની ઊંડળમાં સમાય છે.

એમની ઉજ્જવળ અને ગૌરવવંતી સેવાઓને અનુલક્ષી અનેક માનઅકરામ અને એવોર્ડથી વિભૂષિત થયા હતા. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સમાજ ઉત્કર્ષ સેવાઓ માટે પૂજય સચ્ચિદાનંદ સ્વામીના હસ્તે પાટીદાર શ્રેષ્ઠ શિરોમણિ એવોર્ડ, કડી શહેરની સામાજિક શૈક્ષણિક, સાહિત્ય કળા,વ્યાપાર-ઉદ્યોગક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ માટે કડી નગરપાલિકા દ્વારા શ્રીમતીઆનંદીબહેનપટેલના હસ્તે સન્માન એવોર્ડ, આનર્ત ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આનર્ત એવોર્ડ. ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ એવોર્ડ સહિત વિવિધ સંસ્થાનો દ્વારા પ્રાપ્ત થયાં હતાં.

સંસ્થા પરિવાર દ્વારા શ્રી વલ્લભભાઈ મા. પટેલની શકિતઓને પિછાણીને, શ્રી માણેકદાદાનાતા. ૧૨ જાન્યુઆરી, ૧૯૧૨ના રોજ અવસાન પછી ૧૯ ફેબ્રુઆરી, ૨૦૧૨ના રોજ સર્વવિદ્યાલય કેળવણી મંડળ અને ગાંધીનગર તેમ જ ક.પા. કેળવણી મંડળના ચેરમેનપદે અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ સ્થાને સ્થાપ્યા છે. સ્વ. માણેકદાદાના જે આદર્શો હતા એ અને ''કર ભલા હોગા ભલા'' સૂત્રને એક પછી એક સાકાર કરી રહ્યાં છે. ''માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશીપ'' તેમજ આંગણવાડીઓને દત્તક લેવાનો એમનો સુવિચાર આરંભના ફળ છે.

૧૨, જાન્યુઆરીના રોજ ગુજરાતના શિક્ષણજગતમાં ધ્રુવતારક સમાન દિશાસૂચન પ્રકાશપૂંજ તરીકે હંમેશા ઝળહળતાં માણેકદાદાની પુણ્યતિથિ દિન તરીકે સંસ્થામાં ઉજવવામાં આવે છે. આ દિવસે સંસ્થામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને સંસ્થાના હોદ્દેદાઓ, દાતાશ્રીઓના હસ્તે માણેકલાલ એમ. પટેલ મેમોરિયલ સ્કોલરશીપ વિદ્યાર્થીઓને એનાયત કરવામાં આવે છે. દર વર્ષના આંકડાઓના સરવાળો નજર નાંખીએ તો આશરે ૮ કરોડ જેટલી રકમ વિદ્યાર્થીઓને પોતાના શિક્ષણકાર્યના ઉચ્ચ શિખરો માટે સહાયરૂપ બની છે બનશે. આવા કર્મઠ વીરોને હૃદયસ્થ અંજલી અર્પણ કરું છું.

- મિતેષ મોદી